

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લાલાઓ લોભની લીલમાં લપસી પડે છે,*
*ભૂલે સ્વત્વ, બેભાન થઈ, લપસી પડે છે.*
*લપસી પડે લાંચ ખાઈ ને મારે ગૂલાંટ -*
*બોલતાં ફાવે નહીં, જીભ લપસી પડે છે.*

### હાઈકુ

*'નીચ' 'નિમ્ન' તો*
*'નમ્રતા' નો પર્યાય*
*'નાના' થૈ જૂઓ!!*
*(હૃદય-વિચાર-વાણીથી 'મહાન' બનો)*

*'જાતિ' થી નહીં*
*માનવ થાય મોટો -*
*વિદ્વતા થકી...*
*(ક્ષમાવાન મહાન)*

### ચિંતન

*જૈસી નિયત હરામ પૈ, ઐસી દૂરસે હોય,*
*ચલા જાવ વૈકુંઠ મેં, પલ્લા ન પકડે હોય.*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**વગર મહેનતનું ધન મળે તે માણસની ખૂબ ઈચ્છા હોય છે લગન પણ એટલી જ હોય છે. સતત ચોવીસ કલાક એ ધન માટે તેને સતત ઝંખના રહે છે. એ મફતમાં મહેનત વગરનાં ધનના વિચારોમાંથી મુક્ત જ થઈ શકતો નથી. એવું જ મફતનું ધન વગર મૂડી અને વ્યર્થ સમય ગુમાવ્ય વગર મળતું રહે અને સંસારની સર્વે જવાબદારી પૂરી કરતાં સહેલાઈથી મળી શકે છે તે અમૂલ્ય ધન હરિસ્મરણ છે. તે મેળવવાની એટલી જ લગન અને ઝંખના હરિમાં જ લગાડે તો ભવપાર થઈ જાય.**

**કબીર તો ત્યાં સુધી કહે છે કે એની લગન રાખનાર સીધો વૈકુંઠમાં જાય. કોઈની મગદૂર નથી કે તેનો પલ્લુ પકડીને તેને રોકવાની હિંમત કરી શકે.**

### સુવિચાર

- આપણે અહંકારમાં નહિ પણ ઓમકારમાં એકાકાર થવું જોઈએ - **પૂ. ડોંગરેજી**
- પરમાત્માને વહાલા એ લોકો થાય છે કે જે એની સૃષ્ટિને વહાલ કરે છે - **જનકલ્યાણ**
- મિત્ર પણ શત્રુ બનતો, જીભ તણી એક વાતથી, શત્રુ પણ મિત્ર બનતો, આ જીભની જ તાકાતથી - **વજુ કોટક**
- સિદ્ધાંત વિહોણી રાજનીતિ, શ્રમવિહીન, વિવેકવિહીન આનંદ, માનવતા વિહીન વિશ્રામ ત્યાગ વિહીન પૂજા આ સાત સામાજિક પાપ છે - **અખંડ આનંદ**
- વીતી ગયેલી કાલ માટે તમારા મનમાં જો કોઈ ઉદ્વેગ ન હોય અને આવનારી કાલ માટે તમારા મનમાં જો કોઈ ભય ન હોય તો સાચે જ તમે બાદશાહીમાં જીવી રહ્યાં છો - **ઓશો**
- જે વાણીમાં સંકલ્પનું બળ છે અને સદ્વર્તનનું તેજ છે. એવી વાણીનાં થોડા શબ્દોમાં સર્વ શાસ્ત્રોનો સાર આવી જાય છે - **સચ્ચિદાનંદ**
- આજનું ઔષધ : રાત્રે ભેંસના દૂધમાં ચણા પલાળી સવારે ખાવાથી વજન વધે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ખુંખાર બાદશાહ તૈમુર લંગે બગદાદમાં આતંક ફેલાવેલો. પકડાયેલા અનેક ગુલામો તેની સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તેમાં તુર્કિસ્તાનનો જાણીતો શાયર અહેમદી પણ હતો. તૈમુર શાયરની મશ્કરી કરતાં કહ્યું, 'મેં સાંભળ્યું છે કે કવિ ઘણા પારખુ હોય છે, તમે શાયર છો તો કહો જોઈએ આ પકડાયેલા ગુલામોની કિંમત શું હોઈ શકે?'

શાયર અહેમદીએ ડર્યા વિના જવાબ આપ્યો, 'આમાંથી કોઈ પાંચ હજારથી ઓછી અશરફીઓથી ઓછી કિંમતનો નથી.' એ સાંભળી તૈમુરે અભિમાન પૂર્વક કર્યું, 'અચ્છા, તો બતાવો કે મારી શી કિંમત હશે?'

શાયર અહેમદીએ વિના વિલંબે બહાદુરી પૂર્વક જવાબ આપતા કહ્યું, 'આપની કિંમત તો પચ્ચીસ અશર્ફી પણ કોઈ માંડ આપે.' તૈમુર ગુસ્સામાં બરાડતા બોલ્યો, 'બદમાશ એટલામાં તો મારું પહેરણ પણ બની શકે તેમ નથી, તું કેવી રીતે કહી શકે કે મારી કુલ કિંમત પચ્ચીસ અશર્ફી પણ નથી.' શાયર અહેમદી એ કહ્યું, 'આ કિંમત તો એ સંત્રીની છે, તમારી તો કંઈ નથી! જે માણસ પીડીતોની સેવા કરી શકતો નથી, બાદશાહ થઈને સામાન્ય જણનું રક્ષણ કરી શકતો નથી તે માણસ ગમે તેવો મોટો હોય પણ એનું મૂલ્ય ચાર કોડીનું પણ ન ગણાય, તેના કરતાં ગુલામી સારી.' આવો બેધડક જવાબ સાંભલી તૈમુરનો અહંકાર ઓગળી ગયો.

# વધાવે ગુજરાત, વઢે પણ ગુજરાત

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત દેશ અને દુનિયા માટે કેટલો મહત્ત્વનો પ્રદેશ છે તે આ વખતની વિધાનસભાની ચૂંટણીએ બતાવી દીધું છે. રાષ્ટ્રીય સ્તરના રાજકારણમાં એ દેશનાં મોટાં રાજયોની સરખામણીએ જરી વધુ અગત્યનું રાજય છે. એ મુદ્દો હવે કોંગ્રેસને પણ સમજાઈ ગયો છે અને ભારતીય જનતા પાર્ટીનો તો એ છેલ્લા કેટલાક વર્ષોથી ગઢ જ બની રહ્યું હોઈ એનું રાષ્ટ્રીય સ્તરે ઘણું મોટું નામ બની ગયું છે. પોતાને 'ગુજરાતની વહુ' તરીકે ઓળખાવવામાં પ્રિયદર્શની ઈંદિરા ગાંધીને કશો ક્ષોભ નહોતો થતો. મોરારજી દેસાઈ જેવા ધરખમ ગુજરાતી નેતા સામે ઝૂઝવા-ઝઝૂમવા માટે એમને કદાચ આવી ઓળખાણ રજૂ કરવી જરૂરી લાગી હતી. નહીંતર એમને ફિરોઝ ગાંધી સાથે તો કેટલા ઊંડા મતભેદ પડી ગયેલા તે કોણ નહોતું જાણતું ? વળી ફિરોઝ ગાંધીએ પણ કયારેય ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર નહોતું બનાવ્યું. પ્રતાપી શ્વસુર પંડિત જવાહરલાલ નહેરુ અને જીવનસાથી ઈંદિરા ગાંધીની જેમ તેઓ સંસદની ચૂંટણી પણ ઉત્તરપ્રદેશમાંથી જ લડ્યા હતા. રાજીવ ગાંધી એ નાતે ઉત્તરપ્રદેશના જ લાડકા દીકરા ગણાયા રહ્યા અને રાહુલ - પ્રિયંકા પણ ગંગામૈયાનાં જ સંતાનો તરીકે ઓળખાવવાની કોશિશ કરશે, કારણ કે દેશનો હૃદયપ્રદેશ તો તે જ હિંદી બેલ્ટ છે. પરંતુ ગુજરાત દેશના આ વસતિથી ઊભરાતા રાજય જેટલું જ રાજકીય મહત્ત્વ ધરાવે છે તે એણે પેદા કરેલ નેતૃત્વ અને આંદોલનોએ સાબિત કરી દીધું છે. આઝાદીની ચળવળનું એપી સેન્ટર ગુજરાત બની રહેશે એવી ટિળક-ગોખલેના નેતૃત્વવાળી કોંગ્રેસને કલ્પના પણ નહીં હોય. દક્ષિણ આફ્રિકાથી સફળ સત્યાગ્રહી તરીકે સ્વદેશ પરત આવેલા ગાંધીનું અભિવાદન પણ મુંબઈમાં યોજાયું હતું. પરંતુ ગાંધીજીએ પૂના જઈ ગોખલે પાસેથી શિખામણ મેળવી પૂરા એક વરસ લગી દેશભ્રમણ કર્યું અને છેવટે કાયમી રહેઠાણ તરીકે તો અમદાવાદ પર જ પસંદગી ઉતારી હતી. એ જ અમદાવાદમાં સરદાર પટેલે મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી હતી અને કાળક્રમે એ જ અમદાવાદે ઈંદુલાલ યાજ્ઞિકના મારફાડ નેતૃત્વમાં 'મહાગુજરાત' ની પ્રાદેશિક ચળવળ ચલાવી કોંગ્રેસના મોરારજી ઉપરાંત નહેરુ જેવાં પ્રચંડ રાષ્ટ્રપુરુષને પડકાર્યા હતા. ઈંદિરા ગાંધી સામે ચીમનભાઈ પટેલે ઘુંકારિયું કર્યું હતું અને ચીમનભાઈ વિરુદ્ધ ચાલેલા નવનિર્માણ આંદોલનમાંથી પ્રેરણા લઈ કટોકટી વિરુદ્ધ જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં રાષ્ટ્રીય આંદોલન ઊભું થઈ ગયું હતું. ગુજરાતના મોરારજી દેસાઈ પહેલાં બિન કોંગ્રેસી વડાપ્રધાન બન્યા હતા અને એમના મંત્રીમંડળમાં સંઘની વિચારધારાને વરેલા અટલ બિહારી વાજપેયી તથા લાલકૃષ્ણ અડવાણીને પહેલી જ વાર સ્થાન સાંપડ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના આ બેઉ મૂળે બિનગુજરાતી મહારથીઓ ગુજરાતમાંથી ચૂંટાતા રહ્યા એ પણ કેવું સુભગ આશ્ચર્ય ! જો કે પાકિસ્તાનથી ભાગી આવેલ અડવાણી પરિવારે કચ્છના આદિપુરથી નવી ઈનિંગ્સ શરૂ કરી હોવાથી તેઓ પોતાને ગુજરાતી ગણાવતા રહ્યા છે. પરંતુ ગુજરાતે તો પ્રણવ મુખર્જી, અરુણ જેટલી, વેંકૈયા નાયડુ તથા સ્મૃતિ ઈરાનીને પણ રાજયસભામાં મોકલી આપવા જેવું ઔદાર્ય દાખવ્યું છે. ગુજરાતના જ સંઘી કાર્યકર્તા નરેન્દ્ર મોદીએ એવડું મોટું ગજું કાઢ્યું કે હવે એમને પડકારવા માટે પણ કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને ગુજરાતનું જ સમરાંગણ પસંદ કરવું પડ્યું છે. જે ગુજરાતે બહુ મોટી અપેક્ષાઓ સાથે મોરારજી દેસાઈને વડાપ્રધાન પદસુધી પહોંચાડેલા એ જ ગુજરાતે અઢી વર્ષ પછી આવેલી બીજી ચૂંટણીમાં ઈંદિરાજીને ખોબલે ખોબલે મત આપીને 'જનતા રાજ'ને એની હૅસિયત બતાવી દીધી હતી તે ભૂલવા જેવું નથી.

# કોણ મરેલો, કોણ જીવતો સારો



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

જયંતી શ્રાવિકા એ ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછ્યા. જે આપણને બીજાને સ્પર્શે છે. એક તો આ જગતના જીવો જાગતા સારા કે ઉંઘતા સારા ? બીજું આ જગતના જીવો જીવતા સારા કે મરેલા સારા ? અને ત્રીજુ આ જગતના જીવો શક્તિમાન સારા કે નબળા સારા?

ભગવાને કહ્યું, 'પાપી, હિંસક, આતતાઈ, દુરાચારી, દુષ્ટ, કપ્ટી, સ્વાર્થી કે લોભી, દયાવાન, કૃતજ્ઞ, દાની, પરોપકારી અને પરહિતમાં આનંદ માનનારા માણસો શક્તિશાળી, જાગતા અને જીવતા સારા. આવા માણસો બહુમતીમાં હોય તો જીવન સ્વર્ગ બને.'

ખરેખર માણસ કેટલું જીવ્યો તે મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યો તે મહત્ત્વનું છે.એને લાંબુ જીવન જીવન ગમે છે. તેથી જ જોશીઓ જન્મ પત્રિકા કે હસ્તરેખા જોઈ ૧૦૦ વર્ષનું આયુષ્ય બધાનું બતાવે છે. માણસ ૧૨ વર્ષે સમજણો થાય છે એ પછીનું તેનું જીવન માનવીય ગુણોથી ભરેલું હોવું જોઈએ. માનવ પોતાની જાતનું નિરીક્ષણ કરે. જો માણસ દિવસ, રાત વ્યસનો માટે જાગે, ભોગ વિલાસ મટે ઉજાગરા કરે તો તેનું જીવન તેવું નહિ કહી શકાય. એવું જીવન વ્યર્થ ગણાય માણસનો જે દિવસ કે રાત વ્યસન, દુરાચાર કે વાસનામાં જાય તો અફળ છે. પણ જે દિવસ કે સત્કર્મ કરવામાં પવિત્ર જીવન જીવવામાં કે ધર્મ કરવામાં જાય તો સફળ છે. જો તે એવું આખું જીવન જીવે તો તેનું જીવન સફળ છે.

માણસ પાસે પુરુષાર્થ કરવાની શક્તિ તો છે, તેનામાં જીવનને શ્રેષ્ઠ બનાવવાની ક્ષમતા પણ છે, તેમ કરવાનો માણસનો અધિકાર પણ છે અને એવું કરીને માણસ ધારે તો ધરતી ઉપર સ્વર્ગ રચી શકે છે. ઉત્તમ નવા જન્મ માટે મૂડી ઊભી કરી શકે છે. આ મૂડી એટલે બેંક બેલેન્સ, કબાટ, તિજોરીમાં રખાતી નોટો, શેર કે કંપની ભાગીદારી રૂપની નથી. એવી મૂડી તો માણસ ઉદ્યમ કરીને મેળવી શકે છે. માણસ વનમાં હોય કે પર્વત ઉપર, એ ભૂલો પડ્યો હોય કે જમીન કે દરિયામાં મુસાફરી કરતો હોય, તે ઊંઘતો હોય કે જાગતો હોય ત્યારે કોઈક પરિબળ તેનું રક્ષણ કરે છે, તે કોણ છે? રસ્તો પસાર થતાં તમે કાર એક્સીડેન્ટથી બચવા, બગીચામાં ફરતાં તમારા પગ પાસેથી સાપ પસાર થઈ ગયો, તમે જેમાં સફર કરતા હતા તે હોડી ડૂબી પણ તમારા હાથમાં એક પાટિયું આવી ગયું અને તમે બચી ગયા. કેટલાક માણસો જન્મથી દુઃખી તો કેટલાંક માણસો જન્મથી સુખી હોય છે, આમ કરનારનું પરિબળનું નામ 'પ્રારબ્ધ' છે.

પ્રસન્ન માણસ શક્તિમાન હોય છે જે માણસ અન્યાયનો પ્રતિકાર કરે છતાં અન્યાય કરનારનો ભય લાગતો નથી તેવો નબળો માણસ ખોલે તો પણ શું અને ન બોલે તો પણ શું ? એ માણસ ખુશ રહે તો પણ શું અને નાખુશ રહે તો પણ શું ? જેની પ્રસન્નતા બીજાનું દુઃખ દૂર કરે છે. તે છે સાચી પ્રસન્નતા. એવી પ્રસન્નતા ધરાવનાર માણસ પ્રસન્ન માણસ છે. તે જીવનના ઉત્તમ પાસાઓથી સમૃદ્ધ છે. એ 'શક્તિમાન' છે.

# ડુંગળી અને લસણમાંથી કયુ વિટામીન મળી આવે છે ?

## કૃષિ જગત

૧ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક ફેડરેશન લિમિટેડ દ્વારા દેશનો પ્રથમ રોબોટીક ડેરી પ્લાન્ટ કયા સ્થળે નાખવામાં આવ્યો છે ?
(અ) આણંદ (બ) મહેસાણા
(ક) વિરાર, મુંબઈ (ડ) પુના

૨ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ કયું માસિક પ્રગટ કરે છે?
(અ) કૃષિજગત (બ) ખેતી
(ક) ખેતજગત (ડ) કિશાન જગત

૩ જવાહરલાલ નહેરુ કૃષિ યુનિવર્સિટી કયાં આવેલી છે?
(અ) આણંદ (બ) ડીસા
(ક) જબલપુર (ડ) ભરતપુર

૪ સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ફોર કોટન રીસર્ચ કયાં આવેલું છે ?
(અ) ભોપાલ (બ) પુના
(ક) જામનગર (ડ) નાગપુર

૫ પાક માટે કયું સ્વતંત્ર તત્ત્વ વાતાવરણમાંથી મળતું નથી ?
(અ) કાર્બન (બ) ઓક્સીજન
(ક) હાઈડ્રોજન (ડ) પોટેશિયમ

૬ ડુંગળી અને લસણમાંથી કયુ વિટામીન મળી આવે છે ?
(અ) વિટામીન એ (બ) વિટામીન બી
(ક) વિટામીન સી (ડ) વિટામીન ઈ

૭ કેન્દ્રીય બટાટા અનુસંધાન સંસ્થા કયાં આવેલ છે ?
(અ) શિમલા (બ) કરનાલ
(ક) ડીસા (ડ) લખનૌ

૮ શુગર બેબી કોની પ્રજાતિ છે?
(અ) દ્રાક્ષ (બ) તડબૂચ
(ક) શેરડી (ડ) મોસંબી

૯ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઑફ વેજીટેબલ રીસર્ચ કયાં આવેલ છે ?
(અ) ભરતપુર (બ) વારાણસી
(ક) કાનપુર (ડ) જલગાંવ

૧૦ કયા ત્રણ માસમાં લેવાતા પાકને રવીપાક કહે છે ?
(અ) જાન્યુ, ફેબ્રુ, માર્ચ (બ) એપ્રિલ, મે, જૂન
(ક) જુલાઈ, ઓગસ્ટ, સપ્ટે. (ડ) ઓકટો., નવે., ડિસે.

૧૧ હરિતક્રાંતિનો સૌથી વધુ લાભ મસાલામાં કયા પાકને થયો છે ?
(અ) જીરુ (બ) મરચાં
(ક) કાળાં મરી (ડ) આદુ

૧૨ સઘન પશુ વિકાસ કાર્યક્રમ કયારે શરુ કરવામાં આવ્યો હતો ?
(અ) ૧૯૬૫ (બ) ૧૯૭૦
(ક) ૧૯૭૫ (ડ) ૧૯૮૦

૧૩ ડૉ. વર્ગીસ કુરિયન કઈ ક્રાંતિ સાથે સંબંધિત છે ?
(અ) બરિત ક્રાંતિ (બ) શ્વેત ક્રાંતિ
(ક) ગુલાબી ક્રાંતિ (ડ) ભૂરી ક્રાંતિ

૧૪ હરિત ક્રાંતિનો સૌથી વધુ લાભ કયા ખાદ્યાન્ય પાકને થયો છે ?
(અ) બાજરી (બ) મકાઈ
(ક) ઘઉં (ડ) જુવાર

૧૫ તેલીબીયા પાકોની રાણી કોને કહે છે ?
(અ) મગફળી (બ) રાઈ
(ક) તલ (ડ) એરંડા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧૫ ડિસેમ્બર ૧૮૯૪ : ડો. ભાસ્કરાવ વી. ચોધ :** મુંબઈના સેવાભાવી ડૉકટર હતા. અમદાવાદમાં જન્મ થયો હતો. 'ધનુર' પરના સંશોધનથી વિદેશમાં નામના મેળવી. ૧૯૧૭માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ઈન્ડિયન ડીફેન્સ ફોર્સમાં જોડાયા. ૧૯૭૧માં અવસાન થયું.
- **૧૬ ડિસેમ્બર ૧૯૫૨ : જોએલ ગાર્નર :** ૫૮ ટેસ્ટમાં ૨૫૯ વિકેટ લેનાર વેસ્ટ ઈન્ડિઝનો ફાસ્ટ બોલર, ગાર્નર, રોબર્ટ્સ, ક્રોફ્ટ અને હોલ્ડીંગની ચોકડીએ વેસ્ટ ઈન્ડિઝને ૧૫ વર્ષ સુધી સિરીઝ હારવા દીધી ન હતી.
- **૧૭ ડિસેમ્બર ૧૯૪૬ : સુરેશ ઓબરોય :** દમદાર અવાજ અને યાદગાર અભિનય માટે જાણીતા ચરિત્ર અભિનેતાનો જન્મ પાકિસ્તાન ના ક્વેટા શહેરમાં થયો હતો. ૧૯૭૭માં 'જીવનમુક્ત' ફિલ્મથી કારકિર્દીની શરુઆત કરી. મૂળ નામ વિશાળ. અનેક નેશનલ એવોર્ડ જીતી ચુક્યા છે.
- **૧૮ ડિસેમ્બર ૧૯૮૨ : સ્ટીવન સ્પિલબર્ગ :** સાયન્સ ફીકશનને મોટા પડદા પર જીવંત કરનાર. હોલીવુડને એક નવો અધ્યાય આપનાર ડિરેક્ટર-પ્રોડ્યુસર., ટી.વી.થી કારકિર્દીની શરુઆત કરીને એકેડમીક એવોર્ડ સુધીની સફર ખેડી.
- **૧૯ ડિસેમ્બર ૧૮૯૪ : શેઠ કસ્તુરભાઈ લાલભાઈ :** ગુજરાતના પહેલી હરોળના ઉદ્યોગપતિનો જન્મ અમદાવાદમાં થયો હતો. ઉદારતા, બુદ્ધિની કુશાગ્રતા અને મિલનસાર સ્વભાવ તથા દાનવીરતાન કારણે લોકપ્રિય આ. લાલભાઈ ગ્રુપની આઠ જેટલી મીલો ઊભી કરી ૧૯૮૦માં અવસાન થયું.
- **૨૦ ડિસેમ્બર ૧૮૯૮ : શ્રી ચૈતન્ય મહાપ્રસાદ દિવન :** સાહિત્ય, તત્ત્વજ્ઞાન, લલિતકલા અને ક્રીકેટ તથા કુસ્તી જેવા અનેક ક્ષેત્રોમાં નિષ્ણાત એવા ચૈતન્ય પ્રસાદનો જન્મ. ભૂજના દિવાન રાવબહાદુર મોતીલાલના ત્યાં થયો હતો. ૧૯૨૭માં ગુજરાત સાહિત્ય સભાના મંત્રી તરીકે ચૂંટાયા અને મૃત્યુ પર્યન્ત આ સ્તાન પર કામ કર્યું. ૧૯૭૦માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ગુજરાત કોંગ્રેસના હાલના પ્રભારી 'અશોક ગેહલોત' કયા રાજયના મુખ્યમંત્રી હતા?**

**જવાબ : રાજસ્થાન**



## ખજાનો

અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૪) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૫) શૈલેષ ઝેડ પટેલ : ધોળેશ્વર મહાદેવ પાસે, ગાયત્રી રેસી.
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સાયન્સ કૉલેજ
(૭) પંકજ. આર પ્રજાપતિ : ઉવારસદ
(૮) હાર્દિક ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કોંગ્રેસના કયા નેતાને વડાપ્રધાન માટે અયોગ્ય ટીપ્પણી કરવા બદલ પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પ્રેરણાદાયી લઘુકથાઓ




## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા


'પંચતંત્ર' ને આધારે અહીં ચાલ લઘુકથાઓ આપી છે :

(૧) એક સરોવરમાં ત્રણ મિત્રો રહેતા હતા - બે હંસ અને એક કાચબો. ઊનાળામાં ગરમી ખૂબ પડી. સરોવર સુકાઈ ગયું. તેઓએ બીજા મોટા જળાશયમાં જતા રહેવાનું નક્કી કર્યું. પરંતુ કાચબો ઊડી કેમ શકે ? એણે એક નાનકડી મજબૂત લાકડી શોધી કાઢી. એ બંને હંસને આપીને કહ્યું, 'તમે બંને તમારી ચાંચમાં પકડી રાખો. હું વચ્ચે લાકડીને મારા મોઢામાં પકડી રાખીશ. પછી તમે ઊડવા માંડો.' હંસોએ તેને કહ્યું, 'તું બહુ વાતોડિયો છો. કોઈ પણ સંજોગોમાં, તમે બોલવાની ઈચ્છા થાય, તો પણ મોઢું ન ખોલતો.' કાચબાએ કહ્યું, 'ભલે, હવે ઊડાન શરુ થઈ. ઘણે દૂર પછી નવું જળાશય આવતું હતું. તેમાં ભરપૂર પાણી હતું. આ જોઈને કાચબાથી ન રહેવાયું અને બોલ્યો, 'અરે વાહ!' તેમાં મોઢામાંથી લાકડી છૂટી ગઈ અને આટલી બધી ઊંચાઈએથી નીચે જમીન ઉપર પટકાયો. કયારેક મૌનનો પણ મહિમા હોય છે.



(૨) એક શ્રીમંત વેપારી હતો. અને પરદેશ જવું હતું. એ નદી કિનારે આવ્યો. એની પાસે સામાનમાં; એક સિંહ, એક બકરી અને ઘાસનો મોટો પૂળો હતો. એક હોડીવાળા નાવિકને એણે કહ્યું, 'આ બધું નદીને સામે કિનારે પહોંચાડી દેજે. તને જે કહીશ, તે ઊતરાઈ આપી દઈશ.' નાવિકે વિચાર કર્યો. 'જો ઘાસ પહેલાં લઈ જાય, તો પાછળથી સિંહ બકરીને ખાઈ જાય. જો સિંહને પહેલાં લઈ જાય, તો પાછળથી બકરી ઘાસ ખાઈ જાય.' એણે ચતુરાઈ વાપરી. પહેલા બકરીને નદીને સામે કિનારે મૂકી આવ્યા. બીજા ફેરામાં સિંહને મૂક્યો અને બકરીને પાછી લેતો આવ્યો. ત્રીજા ફેરામાં ઘાસનો પૂળો લીધો અને સામે કિનારે મૂક્યો. ચોથા ફેરામાં બકરીને સામે કિનારે મૂકી આવ્યો. વેપારી નાવિકની ચતુરાઈ પર ખુશ થયો અને સારી એવી ઊતરાઈ આપી. જેની બુદ્ધિ, એનું ધન!

(૩) એક કઠિયારો હતો. ઝાડ કાપીને એના લાકડાથી ગુજરાન ચલાવે. એકવાર નદી કિનારાનું મોટું વૃક્ષ એ કાપી રહ્યો હતો. એવામાં કુહાડી અચાનક ભૂલથી પાણીમાં પડી ગઈ. એનું રોજગારીનું સાધન જતું રહ્યું. એ રડવા લાગ્યો. આથી કુરણાથી નદીની દેવી પ્રગટ થઈ. એણે રડવાનું કારણ જાણ્યું. એ અદશ્ય થઈ ગઈ અને સોનાની કુહાડી સાથે પ્રગટ થઈ. એને આપી. કઠિયારાએ એ લેવાની ના પાડી દીધી. ફરીવાર દેવી અદશ્ય થઈ અને રૂપાની કુહાડી સાથે હાજર થઈ. કઠીયારાએ આ લેવાની પણ ના પાડી દીધી. હવે દેવી એની અસલ લોખંડની કુહાડી સાથે હાજર થઈ. કઠિયારો રાજી થઈ ગયો. 'હા મા !' આ મારી જ છે, તારો આભાર' દેવી ખુશ થઈ. 'તારી પ્રામાણિકતાથી હું પ્રસન્ન છું. આ ત્રણેય રાખી લે.' જયાં નીતિ ત્યાં સંપત્તિ.



(૪) બે મિત્રો હતા - ગોવિંદ અને રાઘવ - ગાઢ જંગલમાંથી પસાર થતા હતા. ઓચિંતુ જ સામેથી એક રીંછ ધસી આવ્યું. ગોવિંદ ઝડપથી નજીકનાં વૃક્ષ ઉપર ચડી ગયો. રાઘવ કંઈ વિચારે એ પહેલાં રીંછ આવી ગયું. એણે યુક્તિ કરી. એ ચત્તોપાટ જમીન ઉપર નિશ્ચેષ્ટ થઈને સૂઈ ગયો. અને શ્વાસ બંધ કર્યા. રીંછ એના કાન પાસે આવ્યું, 'આ તો મરી ગયો' એમ માનીને રીંછ જતું રહ્યું. ગોવિંદે રાઘવને પૂછ્યું, 'રીંછે તમે શું કહ્યું ?' રાઘવે કહ્યું, 'સંકટમાં સાથ ન આપે, એવા સ્વાર્થીને છોડી દેવાય.' સંકટમાં સાથે એ મિત્ર.